ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ
નિગમને સમાન ફાળા પેટે રૂ.૧૫૦.૦૦
લાખની ગ્રાન્ટ ફાળવવા બાબત. વર્ષ
૨૦૨૨-૨૩

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃલઘસ/૧૦૨૦૦૬/૧૩૪૮/અ.૧

FileNo.- SJED/MIS/e-file/17/2023/1091/A-1 Section

સચિવાલય, ગાંધીનગર,

તારીખઃ૨૮/03/૨૦૨૩

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગની બજેટ શાખાનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક : SJED/CNI/e-file/17/2021/0001/B

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦ ૩/03/૨૦૨૩નો પત્ર ક્રમાંકઃ વિ જાક/બો.નિ./૨૦૨૨-૨૩/૧૪૭-૧૪૮

**આમુખ:-**

ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને નાણાકીય વર્ષ ૨૦૨ ૨-૨૩ માટે સમાન ફાળા પેટે રૂ.૧૫૦.૦૦ લાખ(અંકે રુપિયા એકસો પચાસ લાખ પુરા) ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે. જે અન્વયે આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) સામે દર્શાવેલ તા. ૦૭-૦૪-૨૦૨૨ ના ઠરાવથી આ ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી(વિ.જા.ક.)ના વંચાણે લીધેલ ક્રમ (૨) સામેના તા. 03-03-૨૦૨૩ ના પત્રથી આ ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમના હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમના સમાન ફાળા પેટે રૂ.૧૫૦.૦૦ લાખ(અંકે રુપિયા એકસો પચાસ લાખ પુરા)ની ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી , વિકસતી જાતિ કલ્યાણ , ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી , વિકસતી જાતિ કલ્યા ણ, ગાંધીનગરે તાત્કાલિક ગુ જરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

૨. જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩. સને ૨૦૨ ૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૪. આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

૫. આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુપડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૬. ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ દ્વારા મંજૂર કરવામાં આવેલ લોનની રીકવરી નિયમિત રીતે થાય તેની પર્યાપ્ત કાળજી અચુક લેવાની રહેશે અને રીકવરીની વિગતો પ્રસંગોપાત સરકારને રજુ કરવાની રહેશે.

૭. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર- ૬૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિતઆદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૦૪ લઘુમતીઓનુંકલ્યાણ, ગૌણ સદર-૮૦૦ અન્ય લોન, પેટા સદર-૦૧ એમએનટી-૧૪ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા અને વિકાસ નિગમમાં સામા સમાન ફાળા માટે ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને લોન હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહશે.

આ ઠરાવ વિભાગનાં નાણાં વિભાગની તા.૨૩/૦૩/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તથા તેમના નામે,**

eSign Signed by: Kalpanaben Vipulkumar Rana
Reason: GR of DCW
Location: Ahmedabad, India
Date: 28-Mar-2023 (11:58 AM)

(કલ્પના રાણા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના</u> :

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ/કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૩